Acknowledgement

SMT. HANSA MEHTA LIBRARY
The M. S. University of Baroda

# નિવેદન :

સંશોધનકાર્ય શરૂ કરવું છે એવી ફરી વાર ઇચ્છા થઈ. જયેશભાઈ ભોગાયતા પાસે 'સુમન શાહ' વિશે એક વિદ્યાર્થિની સંશોધન કરતા હતા. જયેશભાઈની ઇચ્છા 'ચન્દ્રકાન્ત ટોપીવાળાના વિવેચન કાર્ય' વિષય પર સંશોધન કરાવવાની હતી જ. ગુજરાતી સાહિત્ય વિવેચન ક્ષેત્રે સ્મરણીય પ્રદાન કરનારા આ વિવેચક પણ સારા એવા પ્રમાણમાં ઉપેક્ષિત રહ્યા છે. એમનાં પુસ્તકો વિશે છૂટી-છવાઈ કૃતિલક્ષી સમીક્ષાઓ મળે છે, પણ સળંગસૂત્રે અભ્યાસથી તૈયાર થયેલી કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સાડા ત્રણ દાયકાથી પણ વધુ સમય સુધી પ્રવૃત્ત રહેલા આ વિવેચકની કાર્યપ્રવૃત્તિનો વસ્તુલક્ષી ધોરણે ઘનિષ્ઠ અભ્યાસ કરાવવો, એવી જયેશભાઈની પ્રબળ ઇચ્છા મેં એમની વાતોમાં અવારનવાર અનુભવી હતી. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાં ટી.વાય.બી.એ.ના વર્ગમાં ભાષાકૌશલનું પેપર ભણાવતી વખતે ચન્દ્રકાન્ત ટોપીવાળાનું 'પ્રતિભાષાનું કવચ' પુસ્તક હું સંદર્ભગ્રંથ તરીકે હંમેશાં ઉપયોગમાં લેતી હતી. વળી ભાષાલક્ષી કૃતિતપાસની વિવેચકની પદ્ધતિમાં મને વિશેષ રસ પડતો હતો. કાવ્ય મને ગમતું સ્વરૂપ; અને એનાં છંદ, અલંકાર, પ્રાસ, ભાષા, કલ્પન, પ્રતીક જેવા ઘટકો વિશેનાં વિવેચકનાં નિરીક્ષણોએ મારા કુતૂહલને વધારવાનું અને સંતોષવાનું કાર્ય કર્યું. નવી દિશામાં જઇ થકવી દે એવાં સાહસો કરવાની વૃત્તિ પણ ખરી. આમ જયેશભાઇના પરોક્ષ પ્રસ્તાવને ઊંડા વિચાર પછી પ્રત્યક્ષ પ્રસ્તાવ માનીને એમના માર્ગદર્શન હેઠળ **'ચન્દ્રકાન્ત ટોપીવાળાના વિવેચન કાર્યનો સમીક્ષાત્મક અભ્યાસ'** વિષય પર સંશોધન કરવાનો નિર્ણય કર્યો.

માર્ગદર્શક તરીકે જયેશભાઇ અભ્યાસ કરવાની પદ્ધતિઓ બતાવતા જાય અને મારા વિષયમાં હું એ પદ્ધતિને અનુસરીને આગળ વધતી જઉં. નક્કી કર્યા મુજબ ચન્દ્રકાન્ત ટોપીવાળાના ડિસેમ્બર-૨૦૦૬ સુધીનાં પ્રકાશિત પુસ્તકોનું ક્ષેત્ર,

અભ્યાસ ક્ષેત્ર તરીકે અપનાવ્યું. જયેશભાઈના સૂચવ્યા મુજબ દરેક લેખનું સઘન વાચન કરવું, એમાંથી મહત્ત્વના મુદ્દા તારવવા અને વસ્તુલક્ષી ધોરણે નિરીક્ષણ કરવું : આ પદ્ધતિનું અક્ષરશઃ પાલન કરવાની મેં નિષ્ઠા રાખી છે. વિવેચકના કોઈ પણ પુસ્તક કે લેખને લગતા અન્ય કોઈ વિવેચકનાં લેખો, મારું બધું જ લખાણ પૂરું ન થાય ત્યાં સુધી નહીં વાંચવાની શિસ્ત પણ પાળી છે. વિવેચકની કૃતિઓ અને એમની ચેતના સાથેનો મારો મુકાબલો અન્ય કોઈનાય પ્રભાવ કે દોરવણી વગર, અંત સુધી એકધારો રહ્યો. કામ ધાર્યું હોય એટલું સરળ નથી જ હોતું; એ મેં એક વાર ફરી અનુભવ્યું. મેં વિવેચકનાં લખાણોમાંથી એમનાં પદ્ધતિ, ભૂમિકા, દષ્ટિબિંદુ, અભિગમો, અભિગમોમાં આવેલાં પરિવર્તનો, વિવેચન ભાષા, ઉદ્દેશ અને ઓજારોની તપાસ વસ્તુલક્ષી ધોરણે કરી છે. વિવેચક સામગ્રીનું આયોજન અને નિરીક્ષણ કઈ રીતે કરે છે તે ધ્યાનમાં રાખ્યું છે. વિવેચકનાં તમામ લેખોને સિદ્ધાંત, પ્રત્યક્ષ, સર્જકલક્ષી-વાદલક્ષી અને સંશોધન-સંપાદન-પ્રકીર્ણ એવાં પ્રમુખ ચાર વિભાગોમાં વિભાજિત કર્યાં છે. વિવેચકની સામગ્રીને વિવેચનપદ્ધતિ, ભાષા, તાર્કિકતા અને અભિગમના સ્તરે તપાસી છે.

વિવેચક માટે મને માન છે, અત્યંત આદર છે. તેઓ છેલ્લા સાડા ત્રણ દાયકાથી સાહિત્યક્ષેત્રે પ્રવૃત્ત છે. કાવ્ય, અનુવાદ, વિવેચન અને સંપાદન : આ વિવિધ સાહિત્યિકક્ષેત્રો એમણે ખેડયાં છે. વિવેચક એક બહુમુખી પ્રતિભા છે. બહુશ્રુત વિદ્વાન છે. તેઓ દેશ-વિદેશના સાહિત્યિક પ્રવાહો અને કૃતિઓના સતત સંપર્કમાં રહે છે. આ કારણે એમની રુચિ અને ધોરણો સાહિત્યની સામાન્ય સમજથી ઊંચાં છે. એમની કેળવાયેલી રુચિનો પ્રભાવ એમનાં વિવેચન લેખોમાં વરતાય છે. મારા માર્ગદર્શકે મને શોધકાર્યનો પ્રારંભ કરતી વખતે બે ચાવીરૂપ સત્યો કહેલાં : એક, કોઈનાથી પણ પ્રભાવિત થવું નહીં. નામને નહીં પણ એમના કાર્યને કેન્દ્રમાં રાખવું. બીજું, કે વિવેચન કાર્યની મર્યાદા કે સીમા દર્શાવતી વખતે તોછડી કે અભદ્ર ભાષા પ્રયોજવી નહીં. શાસ્ત્રીય ભાષામાં વસ્તુલક્ષી ભૂમિકાએ એમના કાર્યની મર્યાદા દર્શાવવી, નહીં કે તે વ્યક્તિની. આ બાબત ધ્યાનમાં રાખીને વિવેચકના કાર્ય વિશે યથાશક્તિ, યથામતિ સળંગસૂત્રે એક વસ્તુલક્ષી અભ્યાસ આપવો, એવો નિર્ધાર કરી આ કાર્યનો આરંભ કર્યો. જેમ જેમ અભ્યાસ આગળ

વધતો ગયો તેમ તેમ મારી પોતાની ક્ષિતિજો વિસ્તરતી ગઇ. ક્ષિતિજો વિસ્તારવામાં જયેશભાઇનો પ્રત્યક્ષ, તો ચન્દ્રકાન્ત ટોપીવાળાનો પરોક્ષ ફાળો રહ્યો. નિષ્ઠા, ધગશ અને પદ્ધતિસર કામ કરવાની તૈયારી સાથે આરંભથી જ સંશોધનકાર્યને પ્રાથમિકતા આપી, સતત આગળ વધવાની નેમ રાખી અને અંતે આ કાર્ય પૂરું કર્યું. આજે હું જોઉં છું કે મારી સમજણ અને વિચારણામાં મૂળભૂત ફેરફારો થયા છે.

એક સજ્જને મને પૂછયું હતું, 'તમે ટોપીવાળા પર પીએચ.ડી કરો છો? ખરું કહેવાય! હું તો ચાર-પાંચ પાનાંથી વધારે એમનું પુસ્તક વાંચી જ નથી શકતો.' મને કહેવામાં આવ્યું કે 'તેઓ હજુ લખ્યા જ કરે છે. તો તમારો થીસિસ અધૂરો નહીં રહે? પછીના લખાણોને કયાં સમાવશો? એના કરતાં બીજો કોઇ વિષય લીધો હોત તો?' કોઇ સાહિત્યકારની પ્રવૃત્તિના એક મોટા ખંડનો અભ્યાસ એમની હયાતીમાં જ થાય તે પણ શું ઇચ્છનીય નથી? પ્રવૃત્તિઓ અટકયા પછી જ અભ્યાસ થવો જોઇએ? દરેક વ્યક્તિને એનો પોતાનો દૃષ્ટિકોણ હોઇ શકે છે. મેં મારા કાર્યને કયારેય ગૌણ ભૂમિકાએ સ્વીકાર્યું નથી. જયેશભાઇના નિસબતપૂર્વકના તકાજાઓનું ભારણ તો હતું જ, છતાં અભ્યાસની પળો બોજારૂપ બની નથી, એને મેં માણી પણ છે.

તમામ સંગ્રહોમાંથી પસાર થતાં સ્પષ્ટ જણાય છે કે વિવેચકની ભૂમિકા અને ભાવકચેતના સતત ઉત્ક્રાન્ત થતી રહી છે. બદલાતા જતા પરિપ્રેક્ષ્યમાં જયારે જયારે પોતે સ્વીકારેલાં ઉચ્ચ ધોરણોને કોઇ જ બાંધછોડ વગર વિવેચકે પ્રમાણ્યાં છે ત્યારે ત્યારે એમને પરમ તૃપ્તિનો અનુભવ થયો જ હશે એમ હું મારા અભ્યાસના અનુભવ પરથી કહી શકું. વિવેચક દુર્બોધ છે એવી એક છાપ એમની ભાષા, શૈલી અને પરિભાષાના પ્રયોગોને કારણે સામાન્ય વાચકના ચિત્તમાં પડેલી છે. દુર્બોધતા આરંભે મેં પણ અનુભવી. પણ પછી આગળ વધતાં વિવેચકની અભિવ્યક્તિથી પરિચિત બનતી ગઇ. મારી આ સંશોધનયાત્રા 'અપરિચિત અ' થી શરૂ થઇ 'ઘણે અંશે પરિચિત અ' પર પૂરી થઇ છે. એક અગ્રગણ્ય, અભ્યાસશીલ વિવેચકની પ્રવૃત્તિઓને પ્રમાણવાની મારી ભૂમિકા કઇ,

એ પ્રશ્ન મને ઘણીવાર થયો છે. વસ્તુલક્ષી અભ્યાસની પદ્ધતિએ જે વંચાયું અને જે સામે આવ્યું તેને પ્રમાણવું એવો અભિગમ સ્વીકાર્યા પછી વિષયમાં ઊંડાં ઊતરવાનું સહજ અને સરળ બન્યું.

રસ્તો ના મળે, મુશ્કેલી પડે કે મૂંઝવણ થાય ત્યારે માર્ગદર્શક ગૂંચો ઉકેલવામાં સહાય કરે. જયેશભાઇએ માર્ગદર્શકની આ ભૂમિકા તો નિભાવી જ છે. પણ એથી પણ અદકું તો એમણે મારી શક્તિ અને ચેતનાના વિકાસ માટે ભોંય પૂરી પાડવાનું કાર્ય કર્યું છે. અભ્યાસનો આ અનુભવ એ કારણે સુખદ રહ્યો. કેટલાક દેવ ઝટ રીઝે નહીં. પણ દરેક વ્યક્તિ પોતાની શક્તિ, સામર્થ્ય અને પાત્રતાના આધારે કાર્ય કરી શકે, એવી ઉદાર દૃષ્ટિનો મેં અનુભવ કર્યો છે. વિવેચકના લખાણો સહેલાઇથી સમજાય એવાં નથી જ. પણ દિવસરાતની મહેનતને પરિણામે આજે હું ઘણું પામી શકી છું. ટાળી શકાય એટલાં બધાં જ વ્યવહારુ પ્રલોભનો, પ્રવૃત્તિઓ, કાર્યો, વિચારોને આ સમય દરમ્યાન ટાળ્યાં છે. મેં મારા સમય અને શકિતનો સદુપયોગ કર્યો છે, એમ મને હંમેશાં લાગ્યું છે. મારી વ્યસ્તતાને કારણે જેમનાં કામો હું નથી કરી શકી એ બધાં તરફ દિલગીરી વ્યકત કરું છું. મને આરંભથી અંત પર્યંત જેમની મદદ મળી છે તે સર્વનો અહીં ઋણ સ્વીકાર કરું છું.

વિવેચક ચન્દ્રકાન્ત ટોપીવાળાના વિવેચનકાર્યના સમીક્ષાત્મક અભ્યાસના મારા આ વિનીત કાર્યને પ્રસ્તુત કરવાનો મને આનંદ છે. આપણી સદીના એક પ્રભાવશાળી સર્જકની બહુપરિમાણી સાહિત્યિક પ્રવૃત્તિઓમાંથી માત્ર વિવેચન પ્રવૃત્તિને પસંદ કરીને તેમના કાર્યમાં પ્રતીત થતી અધ્યયનશીલતાને પ્રગટ કરી છે.

૦૬-૦૪-૨૦૦૯
વડોદરા. ઉર્વી તેવાર